# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-06-2025 Day: Monday Evening : 6.25 to 6.30 Pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## વિજય રૂપાણી અંતિમ દર્શન:

અમદાવાદમાં સર્જાયેલી વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પાર્થિવ શરીર આજે પરિવારને સોંપાયું હતું. અમદાવાદ સિવિલ હોસ્પિટલ પરિસરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં દિવંગત નેતાના પાર્થિવ દેહને ગાર્ડ ઓફ ઓનર આપી સન્માનિત કરવામાં આવ્યો હતો. વિજય રૂપાણીના પત્ની અંજલી રૂપાણી, તેમના પુત્ર ઋષભ રૂપાણી અને દિકરી રાધિકાને સંપૂર્ણ રાજકીય સન્માન સાથે પાર્થિવ શરીર સોંપવામાં આવ્યું હતું.

સ્વર્ગસ્થ રૂપાણીનાં પાર્થિવ શરીરને રાજકોટમાં તેમના નિવાસસ્થાને અંતિમ દર્શન માટે મૂકવામાં આવ્યા છે. સ્વર્ગસ્થના દર્શન કરવા માટે નિવાસસ્થાન બહાર મોટી સંખ્યામાં લોકોની ભીડ ઉમટી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સ્વર્ગસ્થના અંતિમ દર્શન અને તેમના પરિવારને સાંત્વના પાઠવવા રાજકોટ પહોંચ્યા છે.

-------------------------------------------------------------------------------------------

## DNA નમુના :

અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોના અત્યાર સુધી 99 DNA નમૂના મેચ થયા છે. જ્યારે 64 પાર્થિવ દેહ સ્વજનોને સોંપાયા છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે ડીએનએ નમૂના મેચ કરવાની પ્રક્રિયા ઝડપી બની રહી છે અને એક કે બે દિવસમાં પૂર્ણ થઈ શકે છે.

સિવિલ હોસ્પિટલના એડિશનલ સુપ્રિટેન્ડેન્ટ ડો. રજનીશ પટેલે જણાવ્યું હતું કે, જે પરિવારજનોના DNA મેચ થઈ ગયા છે તેમના પરિવારજનોને જાણ કરવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ બેઠક:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે વિમાન દુર્ઘટનાના પીડિતોને મળી તેમના ખબરઅંતર પૂછ્યા હતા અને હતભાગીઓના પરિવારજનોની મુલાકાત લઈ, તેમને સાંત્વના પાઠવી હતી.ત્યારબાદ શ્રી પટેલે મંત્રીઓ તથા ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી, રાહત-બચાવની સમગ્ર કામગીરીની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપ્યાં હતાં.

-----------------------------------------------------------------------------------------------

## કચ્છમાં વરસાદ:

અરબી સમુદ્રમાં સર્જાયેલ સર્ક્યુલેશનની અસર હેઠળ કચ્છમાં ગઇકાલથી વરસાદનું આગમન થયું છે. આજે બપોરે ગરમી અને ભારે બફારા બાદ અબડાસા, નખત્રાણા, માંડવી, મુન્દ્રા, અંજાર તાલુકાના કેટલાક વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. અબડાસાના અરજણપર, નાની ધુફી, લાખણીયા, કોઠારા, વરાડીયા, રામપર અબડા, નલિયા, મોકરશી વાંઢ સહિતના ગ્રામ્ય વિસ્તારમાં પડેલા વરસાદના કારણે પાણી વહી નીકળ્યા હતા. ડુમરાના અમારા શ્રોતા મિત્ર જયેશભાઇ ગોસ્વામીએ જણાવ્યૂં હતું કે અબડાસાના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ પડવાથી ખેડૂતોમાં ખુશીની લાગણી છવાઇ છે. માંડવી તાલુકાના નાગ્રેચા, નાભેઇ, રતડીયા, નાની ભાડઇ, મોટી ભાડઇ, દરશડી, મઉં, ગઢશીશા, દુર્ગાપર અને પીપરીમાં વરસાદ પડ્યાના અહેવાલ છે. નખત્રાણા અને અંજારના કેટલાક ગામોમાં વરસાદ પડ્યો છે જ્યારે ભુજ અને તેની આસપાસ વરસાદી વાતાવરણ સર્જાયું છે પણ વરસાદની લોકો હજુ રાહ જોઈ રહ્યા છે.જિલ્લામાં આજે પડેલા વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઇ હતી.

-----------------------------------------------------------------------------------------------

## કોરોના :

કચ્છમાં આજે કોરોનાના બે કેસ નોંધાયા છે. છેલ્લા બે દિવસ દરમિયાન કચ્છમાં એક પણ કોરોનાનો કેસ ન નોંધાતા આંશિક રાહત મળી હતી પરંતુ આજે ભુજમાં 32 વર્ષિય મહિલા અને ગાંધીધામમાં 42 વર્ષિય પુરૂષ કોરોના સંક્રમિત થયા છે. કચ્છમાં અત્યાર સુધી કોરોનાના કુલ 21 સક્રિય કેસ છે જે તમામ હોમ આઇસોલેસનમાં રખાયા છે.

---

## વિકસિત કૃષિ સંકલ્પ યાત્રા -રાપર:

કચ્છના શુષ્ક વિસ્તારમાં ખેતીને વધુ મજબૂત અને લચીલી બનાવવાના ઉદ્દેશ સાથે આઈસીએઆર-કાઝરી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર કુકમાની ટીમે રાપર બ્લોકના ગામોમાં વિકસિત કૃષિ સંકલ્પયાત્રા - પ્રિ ખરીફ અભિયાન અંતર્ગત વિવિધ વિસ્તારમાં કાર્યક્રમ યોજ્યા હતા. વૈજ્ઞાનિકોએ ખેડૂતો  આવનારી ખેતી સિઝન માટે માર્ગદર્શન આપ્યું હતું.  કચ્છ જેવી શુષ્ક જમીન માટે યોગ્ય બાજરી, અને ગુવાર જેવી દુષ્કાળ સહનશીલ જાતોની માહિતી આપી.

---

## નખત્રાણા પંથકમાં વાવણી:

નખત્રાણા પંથકમાં ખરીફ પેદાશોની વાવણીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. કપાસનાં વાવેતર બાદ હવે મગફળી વાવેતરની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. અત્યારે નખત્રાણા પંથકની લગભગ મોટાભાગની વાડીઓમાં  કપાસનું વાવેતર થઇ રહ્યું છે અને ચોમાસું મગફળી માટે જમીન ખેડીને ખાતર, માટીના પટ આપી કોરવાણ પણ ચાલુ થઇ ગયા છે. પાછલા 10 દિવસથી પડી રહેલી સખત ગરમીને કારણે ખેડૂતોને જમીન માટે જેટલું ઉષ્ણતામાન જોઇએ તેટલું જમીનને મળી ગયું છે. હાલમાં આ પંથકના કેટલાક વિસ્તારમા વરસાદ પણ શરૂ થયો છે ત્યારે ખેડૂતોમાં ખુશી ફેલાઇ છે.

---

# ચુંટણી પ્રક્રિયા તાલિમ:

આગામી 22મી જુનના કચ્છમાં ગ્રામ સ્વરાજ્યના સુકાનીઓને ચૂંટવા મતદાન થવાનુ છે. કચ્છના ગ્રામીણ વિસ્તારોમાં ચૂંટણી પ્રચાર વેગવાન થયો છે. તો બીજી તરફ ચૂંટણી તંત્ર પણ પાર્દરશક અને શાંતિપૂર્વક મતદાન પ્રક્રિયા હાથ ધરવા તૈયારીઓમાં વ્યસ્ત થયું છે. આજે ભુજના ટાઉનહોલ ખાતે ભુજ વિધાનસભા વિસ્તારમાં ચૂંટણી ફરજ બજાવનારા પ્રિસાઇડીંગ, પોલીંગ ઓફિસર સહિત 400 કર્મચારીઓને ચૂંટણીલક્ષી કામગીરીની તાલીમ આપવામા આવી છે.

----------------------------------------------------------------------------------------------------